

Design By : Banas Dairy Media

પ્રકાશન : ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૪ | જાન્યુઆરી - ૨૦૨૫ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**૭૬મા પ્રજાસત્તાક પર્વ પર ઇડર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ત્રિરંગાને શાનથી લહેરાવીને ગૌરવસભર સલામી અર્પણ કરી.**

**દિલ્હી ખાતે આયોજિત બેઠકમાં બનાસ ડેરીએ દર્શાવી GOBARdhan પહેલ માટે મજબૂત પ્રતિબદ્ધતા**

**દેશી ગાયોના સંવર્ધન અને કુદરતી ખેતી કરવા ચેરમેનશ્રી શંકરભાઈએ ગુજરાતના ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડ્યું**



# ૭૬મા પ્રજાસત્તાક પર્વ પર ઇડર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ત્રિરંગાને શાનથી લહેરાવીને ગૌરવસભર સલામી અર્પણ કરી.

**૭૬મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઈડર ખાતે ધ્વજવંદન કરી નાગરિકોને રાષ્ટ્રીય પર્વની શુભકામનાઓ પાઠવી**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં નિર્ણયોથી આજે વિશ્વમાં ભારતની આગવી ઓળખ ઉભી થઇ છે : ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

**આત્મનિર્ભર ભારત, સમૃદ્ધ રાષ્ટ્ર અને સર્વોપરી દેશનાં નિર્માણ માટે આપણે સૌએ યોગદાન આપવું પડશે.**



સાબરકાંઠા ખાતે ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ઇડર તાલુકાની આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં 76માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. તેમણે આયોજિત કાર્યક્રમમાં દેશને આઝાદી અપાવનારા વીર ક્રાંતિકારીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, દેશભક્તોને નમન કરી, ધ્વજવંદન કરી, રજૂ કરાયેલ પરેડ અને કૌશલ્ય કરતબની ઝાંખી નિહાળી હતી.

તેમજ પ્રાસંગિક સંબોધન દરમિયાન ઉપસ્થિત સૌ રાષ્ટ્રપ્રેમી નાગરિકોને રાષ્ટ્રીય પર્વની શુભકામનાઓ પાઠવીને લોકશાહી મૂલ્યો પ્રત્યે આપણી પ્રતિબદ્ધતા દર્શાવી હતી.  ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પાવન પ્રસંગે નાગરિકોને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના "વિકસિત ભારત @ ૨૦૪૭"ના મિશન માટે યોગદાન આપવા પ્રેરણા આપી. તેમણે લોકતાંત્રિક મૂલ્યોનું રક્ષણ કરવા અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી મજબૂત બનાવવાનો સંકલ્પ કરવા અપીલ પણ કરી. 76મા પ્રજાસત્તાક પર્વના અવસરે પોતાના સંબોધનમાં શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આજનું ભારત વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનવાના માર્ગે આગળ વધી રહ્યું છે. ગાંધીજી અને સરદાર પટેલના સપનાને સાકાર કરતાં ગૌરવ અનુભવાય છે, તેમજ શ્રીનગરના લાલ ચોકમાં તિરંગો લહેરાતાં પણ રાષ્ટ્રગૌરવની લાગણી ઊપજે છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી વિશાળ અને વિશિષ્ટ છે. સાબરકાંઠા જિલ્લાએ  આઝાદીના સંગ્રામમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે અને ઈડરનો ઈતિહાસ પણ વૈભવશાળી રહ્યો છે.

૭૬ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી થયેલા દેશપ્રેમીઓને સંબોધતા જણાવ્યું હતું કે આઝાદીની આ અમૃત વેલાએ દેશના સ્વાભિમાનને જાગૃત કરતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારના અનેક નિર્ણયથી ભારતનું જનમત આજે ગૌરવ અનુભવે છે.





## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દેશભક્તિનાં રંગે રંગીને મોદી સરકારના સકારાત્મક કાર્યોથી પ્રેરાઈને ગૌરવ અનુભવતા ઉપસ્થિત સર્વેને જણાવ્યું હતું કે...

**દેશનો સામાન્ય માણસ સ્વચ્છતાનો આગ્રહી થઇ રહયો છે ત્યારે મને ગૌરવ થાય હા, હું ભારત છું.**

**દેશના સીમાડા પર માતૃભૂમિના રક્ષણ માટે પ્રાણની પરવા કર્યા વગર લડતા સૈનિકોની શૌર્યગાથા સાંભળી ગૌરવ થાય હા, હું ભારત છું.**

**આકાશમાં રાફેલની ગર્જના સાંભળી ગૌરવ થાય હા, હું ભારત છું.**

**સીમા પર ડ્રોન અને રોબોટથી થતી સુરક્ષા જોઇને ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ન્યુકિલયર સબ મરીનનો ધૂંધવાટ સાંભળી ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ચંદ્ર પર કોઈ નથી પહોંચ્યું એવી જગ્યાએ ભારતનો તિરંગો લહેરાતો જોઈ ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ભારતના યોગને યુનાઈટેડ નેશનમાં સ્થાન સાથે ઓમકારનો નાદ સાંભળી ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ભારત વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ ઝડપભેર આગળ વધી રહ્યુ હોય ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**દેશની સંસદમાં મહિલાઓને સત્તામાં ૩૩ ટકા સહભાગી થવા માટેનો નિર્ણય જયારે દેશની સંસદ કરે ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**અંગ્રેજી ગુલામીની માનસિકતામાંથી બહાર આવી દેશ જયારે ભારતીયતાનો સ્વંત્રત શ્વાસ ભરે ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ગાંધી, સરદાર, સાવરકર, સુભાષ, ભગત, આઝાદ અને આંબેડકરના સ્વપ્ન સાકાર થતા દેખાય ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**દુશ્મન દેશને તેની ધરતી પર સર્જીકલ સ્ટ્રાઇક થકી પરાસ્ત કરે ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**ભારતમાતાના લલાટ પરથી ૩૭૦ની કલમ દૂર થઇ લાલચોકમાં તિરંગો લહેરાય ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**

**પ્રયાગરાજ મહાકુંભમાં કોટી-કોટી ભારતીયો ભેગા થઈને વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવનાનું ચિંતન કરે ત્યારે ગૌરવ થાય હા, હું ભારત છું.**



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધારીએ ઉપસ્થિત યુવા, વિદ્યાર્થીઓ, દેશપ્રેમીઓને વધુમાં જણાવ્યું હતું કે દેશની આઝાદીની ચળવળમાં આપણા સાબરકાંઠાનું યોગદાન અનેરુ રહ્યુ છે. શ્રી શાંતિલાલ શાહ, શ્રી કાંતિલાલ શાસ્ત્રી, શ્રી અલારખા ઘાંચી, શ્રી નારાયણદાસ ત્રિવેદી, શ્રી હરિશંકર રાવલ, શ્રી છગનલાલ બેંકર, શ્રી પ્રહલાદજી મણિયાર જેવા આ ધરતીના અનેક નામી-અનામી આ ધરતીના સપૂતોએ મહામૂલી આઝાદી માટે પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું.

સાબરકાંઠાની આ ધરતી એટલે કર્મ, ધર્મ અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ. ઈડરનો ઈતિહાસ વૈભવશાળી રહયો છે. સફળતા કે શુભ પ્રસંગે "આજ અમે ઈડરિયો ગઢ જીતી આવી ગયા રે આનંદ ભર્યાં!" જે પંકિત સમગ્ર ગુજરાતમાં ગવાય છે. અનેક વિદેશી આક્રાંતાઓના આક્રમણ વચ્ચે પણ ઇડરીયો ગઢ અજય રહયો છે. સાબરકાંઠાની ભૂમિ અનેક તપસ્વીઓની ભૂમિ છે. મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંદ્રએ અહીં મહિનાઓ સુધી ઇડરીયા ગઢ ઉપર આરાધના કરી હતી.

અનેક સંત મહાપુરુષોએ આ ઘરતીને આધ્યમિકતાની અનુભુતી કરાવી છે. ઇડરીયા ગઢ ઉપર બૌદ્ધ સ્થાપત્યો અને જૈન દેરાસરોનો અમૂલ્ય વારસો ઈતિહાસને ઝળહળાવી રહયો છે. આ ઘરતીએ ગુજરાતી સાહિત્યને ઉમાશંકર જોશી અને પન્નાલાલ પટેલ જેવા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકારો આપ્યા છે. જેઓનું નિશીત કાવ્ય સંગ્રહ અને માનવીની ભવાઈ જેવી રચનાઓ સાહિત્ય જગતમાં અમરત્વ પામી છે. વરીષ્ઠ પત્રકાર અને કટાર લેખક દેવેન્દ્ર પટેલે સાહિત્યમાં કરેલા પ્રદાન બદલ પદ્મશ્રી એવોર્ડથી સન્માન તે પણ ગુજરાતીઓ માટે ગૌરવ પૂર્ણ છે. કૃષ્ઠ રોગીઓની સેવા માટે કામ કરતા સુરેશભાઈ સોનીને પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ પદ્મશ્રી એવોર્ડ એનાયત થયો છે. જે સાબરવાસીઓ માટે ગૌરવવંતુ છે. ફિલ્મ જગત ક્ષેત્રે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદીએ આપેલુ યોગદાન આજે પણ ભારતના લોકહૃદયમાં અવિસ્મરણીય અને જીવંત છે. આઝાદીની ચળવળ સમયે અંગ્રેજોની સામેની લડાઈમાં પાલ ચિતરીયાનો હત્યાકાંડ, જલીયાવાલા બાગના હત્યાકાંડ જેવો જ દર્દ ભર્યો હતો.

આપણા આદિવાસી ભાઇ-બહેનોની આ શહાદતની સ્મૃતિઓના ઇતિહાસને અમર કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આ સ્થળે શહિદ સ્મારક બનાવી શહિદોને અમરત્વપુર્ણ શ્રધ્ધાંજલિ અર્પી છે. જેને સમગ્ર જિલ્લાવાસીઓ યાદ રાખશે.



ગુજરાત રાજ્યમાં થયેલ વિકાસ સંદર્ભે વાત કરતાં ચેરમેનશ્રી એ જણાવ્યું હતું કે આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સતત અગ્રેસર રહયુ છે. પ્રજાલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચતા આજે ગરીબ લોકોનું જીવન ધોરણ પણ સતત ઉંચુ આવી રહયુ છે.દેશનો ખેડુત સમૃદ્ધ બને તે માટે સરકાર કામ કરી રહી છે. સાબરકાંઠાએ ખેતી અને પશુપાલન થકી નામના મેળવી છે. જેમાં કિસાન સન્માન નિધીથી ખેડુતોના ખાતામાં દર વર્ષે ૬૦૦૦ રૂપિયા સીધા જમા થાય છે. મને જણાવતા આનંદ થાય છે કે આ યોજનાથી જિલ્લાના અત્યાર સુધી ખેડુતોને ૧૮ હપ્તા પેટે રૂપિયા ૬૧૨ કરોડ અને રાજયના ખેડૂતોને રૂા.૬૩૭૪ કરોડ ખાતામાં જમા થઇ ચુકયા છે. ખેતીમાં કેમિકલ ફર્ટીલાઈઝરનો ઉપયોગ કરતા જમીનનું આરોગ્ય બગડયુ છે. માન.રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે સતત પ્રયત્નના કારણે રાજયના ૧૦ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાજય સરકારે ૨ લાખ ૮૧ હજાર ખેડૂતો પાસેથી ૬ લાખ મેટ્રીક ટન થી વધુ કૃષિ પેદાશો ટેકાના ભાવથી ખરીદી છે. પ્રધાનમંત્રીશ્રીના વર્ષ-૨૦૪૭માં વિકસીત ભારત બનાવવાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકારે વિકસીત ગુજરાત ૨૦૪૭નો સ્ટેટ વિઝન ડોકયુમેન્ટ લોન્ચ કર્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ત્રીજીવાર પ્રજાના આશીર્વાદ મેળવી પ્રજા કલ્યાણના ઘણા સહાસિક નિર્ણયો કર્યા છે. જે નિર્ણયોથી વિશ્વમાં ભારતની આગવી ઓળખ ઉભી થઇ છે.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે પરેડ કમાન્ડરના નેતૃત્વ હેઠળ પોલીસ પ્લાટુન, હોમગાર્ડ, ગ્રામ રક્ષક દળ, જુનિયર-સિનિયર એન.સી.સી, અશ્વ દળ તેમજ પોલીસ બેન્ડની ટીમે શાનદાર પરેડમાં ભાગ લઈને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સાથેજ, જિલ્લામાં આવેલા વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, યોગાસન અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ અવસરે જિલ્લા ખેતીવાડી વિભાગ, જિલ્લા શિક્ષણાધિકારી, ગ્રામ વિકાસ એજન્સી, ઉર્જા વિભાગ, પાણી પુરવઠા, વન વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વિવિધ વિષયોને દર્શાવતા આકર્ષક ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લાની ઉત્કૃષ્ટ કામગીરી માટે કાર્યરત વ્યક્તિઓ અને સંગઠનોને અધ્યક્ષના હસ્તે પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતતા માટે પ્રેરણા આપી હતી.

# દિલ્હી ખાતે આયોજિત બેઠકમાં બનાસ ડેરીએ દર્શાવી GOBARdhan પહેલ માટે મજબૂત પ્રતિબદ્ધતા

તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેળવણી અને જળશક્તિ મંત્રાલયના માન. મંત્રી શ્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં GOBARdhan પહેલ પર આયોજિત ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુજરાતની પ્રમુખ દુધ ઉત્પાદક સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ સહીત બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતા અને GOBARdhan પહેલ અંતર્ગત પશુના ગોબર અને જૈવિક કચરામાંથી હરિત ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા બાબતે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ CBG પ્લાન્ટ મૉડેલ અને બાયોગેસ પ્રોજેક્ટની સફળતાનો ઉલ્લેખ કરીને બનાસ ડેરીએ દેશમાં પ્રથમ ગોબરમાંથી બાયો સીએનજી પ્લાન્ટ સ્થાપવાથી ઊર્જાક્ષેત્રે, પર્યાવરણ બાબતે અને પશુપાલકોના જીવનમાં કરેલ સકારાત્મક બદલાવ પર પ્રકાશ પાડ્યો હતો અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન અને નેતૃત્વનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વેસ્ટ માંથી બેસ્ટ અને કચરામાંથી કંચન ઉત્પન કરવાના વિઝનને સાકાર કરીને આજે બનાસ ડેરી આર્થિક અને સામાજિક પ્રગતિ કરે છે, કચરામાંથી હરિત ઊર્જા ઉત્પાદન કરે છે, પર્યાવરણ સંરક્ષણ કરે છે અને રોજગારનું સર્જન કરે છે.

મુખ્ય મુદ્દાઓ:

**જૈવિક કચરામાંથી હરિત ઊર્જા ઉત્પાદન**
ઊર્જા ઉત્પાદન સાથે જ જૈવિક ખાતરના ઉત્પાદનને પણ પ્રોત્સાહન

**પર્યાવરણ સંરક્ષણ**
હરિત ઊર્જા દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને સ્વચ્છતાને પ્રોત્સાહન

**આર્થિક અને સામાજિક પ્રગતિ**
નવા રોકાણથી રોજગારીના હજારો નવા અવસરો ઊભા થશે

આ પહેલ "કચરામાંથી સંપત્તિ" (Wealth from Waste)ના શ્રેષ્ઠ ઉદાહરણરૂપ છે અને GOBARdhan યોજનાના સાચા આત્માને સાકાર કરે છે.

આ પ્રયત્ન ગુજરાતને હરિત ઊર્જા ક્ષેત્રમાં અગ્રણી બનાવવા સાથે સ્વચ્છ ભારત મિશનને પણ મજબૂત બનાવશે. આ પહેલથી આવનારી પેઢીઓ માટે સ્વચ્છ અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે મજબૂત પાયો રુપાંતરિત થશે.



આ બેઠકમાં સહકારી સંસ્થાઓએ ૨૦થી વધુ કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટ અને 30,000 વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ પહેલમાં સહકારી ક્ષેત્ર દ્વારા લગભગ રૂ. ૧૦૦૦ કરોડનું મોટું રોકાણ થશે, જે ઊર્જા આત્મનિર્ભરતા અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારત સરકારનો આ પ્રયત્ન ગુજરાતને હરિત ઊર્જા ક્ષેત્રમાં અગ્રણી બનાવવા સાથે સ્વચ્છ ભારત મિશનને પણ મજબૂત બનાવશે. આ પહેલથી આવનારી પેઢીઓ માટે સ્વચ્છ અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે મજબૂત પાયો રુપાંતરિત થશે. આ બેઠકમાં NDDBના ચેરમેન ડૉ. મીનેશ શાહ, જળશક્તિ મંત્રાલયના સચિવ શ્રી અશોકકુમાર મીના અને ગુજરાતની ડેરી સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસ Bio CNG પ્રોજેક્ટ

## ગોબરધનના સદુપયોગ અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં બનાસ ડેરીની પ્રગતિ



ગોબરધનના ઉત્તમ સદુપયોગ અને પર્યાવરણને અનુકૂળ ઉર્જાના વિકાસ માટે બનાસ ડેરી અને સુઝુકી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્ડિયા (SRDI) દ્વારા થરાદ-ડીસા હાઈવે, આગથળા ખાતે બનાસ Bio CNG પ્રોજેક્ટના નિર્માણની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ પર્યાવરણ સંરક્ષણ અને પશુપાલકોની આત્મનિર્ભરતા માટે એક મજબૂત પાયાનું કામ કરશે.

### Bio CNG પ્રોજેક્ટની વિશેષતાઓ

બનાસ Bio CNG પ્રોજેક્ટ દ્વારા બનાસ ડેરી નક્કી કરેલા અનેક લક્ષ્યાંકોને પૂર્ણ કરશે, જેમાં ગૌધનના પ્રોસેસિંગથી શરૂ કરીને પર્યાવરણને અનુકૂળ ઇંધણનું ઉત્પાદન કરવામાં આવશે.






### ગોબરનું પ્રોસેસિંગ અને CNG ઉત્પાદન

દરરોજ આશરે 1,00,000 કિલોગ્રામ ગોબરનું પ્રોસેસિંગ કરવામાં આવશે.

આ પ્રોસેસિંગથી દરરોજ 1,500 થી 1,700 કિલોગ્રામ Bio CNGનું ઉત્પાદન થશે

### મોટું રોકાણ અને આયોજન

આ પ્રોજેક્ટમાં કુલ રૂ. 45 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

સંપૂર્ણ રોકાણ સુઝુકી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે.

### બનાસના પશુપાલકો માટે પ્રોજેક્ટનું મહત્વ

આ પ્રોજેક્ટ બનાસના પશુપાલકો માટે આર્થિક વિકાસના નવા માર્ગ ખોલે છે. પશુપાલકો હવે તેમના ગૌધનનો સદુપયોગ કરીને BIO CNG ઉત્પાદનના માધ્યમથી તેમના ઇંધણની જરૂરિયાતો માટે આત્મનિર્ભર બની શકશે. ઉપરાંત, આ પ્રોજેક્ટ પર્યાવરણ માટે પણ અનુકૂળ ઉર્જાના વિકાસમાં શ્રેષ્ઠ ઉદાહરણ સાબિત થશે.

### પર્યાવરણ અને આત્મનિર્ભરતા માટે મહત્વપૂર્ણ ભાગદાન

આ પ્રોજેક્ટથી દરરોજ અંદાજે 170 થી 200 વાહનો માટે Bio CNGનું ઇંધણ ઉપલબ્ધ થશે, જે ઇંધણ માટેની પરંપરાગત જરૂરિયાતોને ઘટાડવામાં મદદરૂપ થશે. ગૌધનના ઉપયોગથી પશુપાલકો માટે આવકનો નવો સ્ત્રોત ઉભો થશે.

### પ્રોજેક્ટના લક્ષ્યાંકો અને શરૂઆતની તારીખ

બનાસ Bio CNG પ્રોજેક્ટના નિર્માણકાર્યમાં તેજીથી પ્રગતિ થઈ રહી છે. આ પ્રોજેક્ટ જુલાઈ 2025 સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે.



### પર્યાવરણ સંરક્ષણમાં પ્રોજેક્ટનું યોગદાન

Bio CNG ઇંધણ કાર્બન ઉત્સર્જનને ઘટાડે છે અને પર્યાવરણને જાળવી રાખે છે. આથી, આ પ્રોજેક્ટ પર્યાવરણ સંરક્ષણ અને દેશના ઉર્જા ક્ષેત્રમાં બદલાવ લાવવાના લક્ષ્યાંકોને સહાય કરશે.

બનાસ Bio CNG પ્રોજેક્ટ એક નવો માઈલસ્ટોન સાબિત થશે, જે ગોબરધનના સદુપયોગ, પર્યાવરણ સંરક્ષણ અને આત્મનિર્ભરતાના દ્રષ્ટિકોણને વેગ આપશે. આ પ્રોજેક્ટ દ્વારા બનાસના પશુપાલકોને ન માત્ર આર્થિક લાભ મળશે, પરંતુ સમગ્ર વિસ્તાર પર્યાવરણમિત્ર ઉર્જા ઉત્પાદનમાં અગ્રેસર બનશે.

આ આવિષ્કાર ભવિષ્યમાં પર્યાવરણ જાળવણી માટે તેમજ સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે નવી ઉર્જાની દિશામાં આગળ વધવા માટે પ્રેરણાસ્રોત બની રહેશે.

# દેશી ગાયોના સંવર્ધન અને કુદરતી ખેતી કરવા ચેરમેનશ્રી શંકરભાઈએ ગુજરાતના ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડ્યું

## કુદરતી ખેતી અને દેશી ગાયોના સંવર્ધન માટે ચેરમેન શ્રી શંકરભાઈનો ખેડૂતોને પ્રોત્સાહક સંદેશ

દેશી ગાયોના સંવર્ધન અને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા રાજ્યના ખેડૂતો સાથે વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને અર્થપૂર્ણ સંવાદ દ્વારા ખેડૂતોને અમૂલ્ય માર્ગદર્શન આપતા કુદરતી ખેતીના લાભો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ માનનીય રાજ્યપાલશ્રીએ NDDB દ્વારા દેશી ગાયો માટે વિકસિત કરાયેલી સેક્સ-સોર્ટેડ સીમન ઉત્પાદનની સ્વદેશી ટેક્નોલોજીની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે આ ટેક્નોલોજી દ્વારા દેશી ગાયોના સંવર્ધનને નવી દિશા મળી શકે છે. તેઓએ રાજ્યની વિવિધ દુધ મંડળીઓને આ પદ્ધતિ અપનાવવા માટે આહવાન કર્યું, જેથી કુદરતી ખેતીના આયોજનને વધારે અસરકારક રીતે આગળ વધારી શકાય.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, "કુદરતી ખેતી એક સરળ, ટકાઉ અને બિન ખર્ચાળ પદ્ધતિ છે. આ પદ્ધતિ માત્ર પાકના ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદન માટે જ નહીં, પરંતુ જમીનના સ્વાસ્થ્ય માટે પણ મહત્વપૂર્ણ છે. દેશી ગાયના મળ અને મૂત્રથી તૈયાર થતું જૈવિક ખાતર જમીનને પોષણ પૂરું પાડે છે, ભેજ સંગ્રહ ક્ષમતા અને ફળદ્રુપતામાં વધારો કરે છે. આ સાથે પાક ઉત્પાદન ક્ષમતા પણ વધુ મજબૂત બને છે."

રાજ્યપાલશ્રીએ NDDB, GCMMF અને રાજ્યભરના સહકારી દુધ મંડળીઓને કુદરતી ખેતીના ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવા માટે સહકારી નેટવર્કનો ઉપયોગ કરવાની અપીલ કરી. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે કુદરતી ખેતીના ઉત્પાદનોના પ્રમાણનની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ બેઠકમાં ખેડૂતો અને સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ વચ્ચે ઉકેલ આધારિત ચર્ચાઓ થઈ. સમગ્ર બેઠકનો ઉદ્દેશ દેશી ગાયોના મહત્વ અને કુદરતી ખેતીની પદ્ધતિઓને વેગ આપવા માટે સહિયારા પ્રયત્નો કરવા પર કેન્દ્રિત હતો. આ પ્રકારની ચર્ચાઓ દ્વારા રાજ્યની કૃષિ અને પશુપાલનક્ષેત્રે નવું ઉન્નત મૉડેલ ઊભું થાય તેવી આશા છે.

આ બેઠકમાં ગુજરાત સરકારના પશુપાલન વિભાગના સચિવ શ્રી સંદીપ કુમાર, GCMMF (અમૂલ)ના અધ્યક્ષ શ્રી શામળભાઈ પટેલ, કામધેનું યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા, રાજ્ય પશુપાલન વિભાગના નિર્દેશક ડૉ. ફાલ્ગુની ઠાકર, NDDBના કાર્યપાલક નિર્દેશક શ્રી એસ. રાજીવ, GCMMFના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતા, ગુજરાત સરકારના અન્ય ઉચ્ચ અધિકારીઓ તેમજ સહકારી દુધ મંડળોના અધ્યક્ષશ્રીઓ અને મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ હાજર રહ્યા હતા.





# દેશી ગાયોના સંવર્ધન અને કુદરતી ખેતીના લાભો

## પર્યાવરણલક્ષી ફાયદા

કુદરતી ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળી શકાય છે, જેના કારણે માટીની ગુણવત્તા અને પર્યાવરણનું સંરક્ષણ થાય છે.

દેશી ગાયોના ગોબર અને ગૌમૂત્રથી બનાવાયેલા પ્રાકૃતિક ખાતર અને જીવામૃત માટીને ઉપજાઉ બનાવે છે.





## આરોગ્યપ્રદ ઉપજ

કુદરતી ખેતીથી પેદા થતી ખાદ્યપદાર્થોમાં રસાયણોના અવશેષો ન હોવાથી તે આરોગ્યપ્રદ અને પોષક બને છે.

દેશી ગાયના દૂધમાં A 2 પ્રોટીન હાજર હોવાથી તે આરોગ્ય માટે વધુ લાભદાયી છે.

## ખર્ચમાં ઘટાડો

ખેડૂત કુદરતી ખાતર અને જૈવિક પદ્ધતિઓને અપનાવીને રાસાયણિક ખાતરોના ખર્ચમાં ઘટાડો કરી શકે છે.

દેશી ગાયોના સંવર્ધનથી ખેડૂતને દૂધ, ગોબર, અને ગૌમૂત્રના રૂપમાં વધુ ફાયદો મળે છે.

## જમીનની ઉપજ ક્ષમતા વધે

કુદરતી ખેતી માટીના સજીવ ઘટકોને જાળવી રાખે છે અને તેની ઉપજ ક્ષમતા લાંબા સમય સુધી જાળવી શકે છે.

દેશી ગાયના ગોબરમાંથી મળતા કાર્બનિક પદાર્થો માટીને ફળદ્રુપ અને વધુ સજીવ બનાવે છે.

## પશુપાલનને પ્રોત્સાહન

દેશી ગાયોના સંવર્ધનથી પશુપાલન વ્યવસાયને વેગ મળે છે અને ખેડૂતોને મલ્ટિ-ઈન્કમ સોર્સ મળે છે.

દેશી ગાયની સંખ્યા વધવાથી ક્વોલિટી વાળું દૂધ, આરોગ્યવર્ધક દૂધ પ્રોડક્ટ્સ, ગ્રામ્ય ક્ષેત્રમાં રોજગારીની તકો ઉભી થાય છે.

## પરંપરાગત ખેતી પદ્ધતિઓનું પુનર્જીવન

કુદરતી ખેતી અને દેશી ગાયોના સંવર્ધનથી પરંપરાગત ભારતીય ખેતી પદ્ધતિઓને નવું જીવન મળે છે.

આ પ્રત્યે લોકોને જાગૃત કરવાથી પ્રાચીન અને સસ્ટેનેબલ ખેતી પદ્ધતિઓ ફરીથી લોકપ્રિય બને છે.

## જૈવ વિવિધતાનું સંરક્ષણ

દેશી ગાયોની વિવિધ પ્રજાતિઓનું સંવર્ધન જૈવ વિવિધતાના સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ છે.

આ પ્રજાતિઓ વિવિધ પર્યાવરણમાં ખેતી માટે વધુ અનુકૂળ છે અને રોગપ્રતિકારક ક્ષમતા ધરાવે છે.

## ગ્લોબલ વોર્મિંગ અને કાર્બન ઉષ્ણતા ઘટાડે

રાસાયણિક ખાતરો અને દવાઓને બદલે કુદરતી પદ્ધતિઓ અપનાવવાથી ગ્લોબલ વોર્મિંગ અને કાર્બન ઉષ્ણતામાં ઘટાડો થાય છે.

## આર્થિક સશક્તિકરણ

દેશી ગાયોના પ્રોડક્ટ્સ (ગૌમૂત્ર, ગોબર ગેસ, ઓર્ગેનિક ખાતર) માંથી ખેડૂતોની આવકમાં વધારો થાય છે.

પ્રાકૃતિક ખેતીથી વિદેશી બજારોમાં ઓર્ગેનિક પ્રોડક્ટ્સ માટેની માંગ વધે છે, જે દેશની આર્થિક વૃદ્ધિને વેગ આપે છે.

## દેશના વિકાસમાં યોગદાન

દેશી ગાયોના સંવર્ધન અને કુદરતી ખેતી દેશના કૃષિ ક્ષેત્રમાં સ્ફૂર્તિ લાવે છે, જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અને કૃષિ આધારિત અર્થતંત્રને મજબૂત બનાવે છે.







## બનાસકાંઠાની માટીમાં દૂધની સુગંધ છે, અને આ જ માટીમાંથી જન્મી છે એશિયાની સૌથી મોટી બનાસ ડેરી



બનાસ ડેરી ફક્ત એક ડેરી નથી, આ એક માઈલસ્ટોન છે જેણે હજારો પશુપાલકોનું જીવન બદલી નાખ્યું છે. ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં, દરેક સવારે સૂર્યની પહેલી કિરણ સાથે, પશુપાલક તેમના પશુઓને પ્રેમથી સંભાળે છે અને તાજું દૂધ એકત્ર કરે છે. આ દૂધ સીધું બનાસ ડેરીમાં પહોંચે છે, જ્યાં તેને મહેનત અને નવીનતમ ટેક્નોલોજીથી સંપાદન કરવામાં આવે છે.

આમ તો, બનાસ ડેરીની શરૂઆત 1969માં થઈ, પણ આજે તે એશિયાની સૌથી મોટી ડેરી બની ગઈ છે. બનાસ ડેરી દૈનિક લાખો લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે, અને તેની પાછળ એ લાખો પશુપાલક પરિવારો છે, જે પોતાના પશુઓને પરિવારની જેમ ઉછેરે છે. અહીંના પશુપાલકો ફક્ત દૂધ નથી આપતા, તેઓ ભવિષ્ય આપે છે – તેમના બાળકોના સપનાને, તેમના જિલ્લા, તાલુકા અને ગામના વિકાસને. બનાસ ડેરીએ ગામે ગામ પશુપાલકોને સશક્ત બનાવ્યા છે. તેમને શીખવાડ્યું છે કે કેવી રીતે પશુઓની સંભાળ રાખવી, તેમના ખોરાકથી લઈને આરોગ્ય સુધીની કાળજી લેવી, સશક્ત અને આત્મનિર્ભર કેવી રીતે બનવું, જેના લીધે જીવનનો સંપૂર્ણ વિકાસ થઇ શકે.







બનાસ ડેરીની સૌથી મોટી સિદ્ધિ છે – આત્મનિર્ભરતા. અહીંના પશુપાલકો હવે આત્મનિર્ભર છે. તેમના પાસે નિયમિત આવકનો સ્ત્રોત છે, જેના લીધે તેમના બાળકો ભણતર, આરોગ્ય અને યોગ્ય સુવિધા મેળવી શકે છે. જ્યારે કોઈ ડેરી પાસે તેની ક્ષમતા કરતાં વધુ દૂધ આવે છે ત્યારે ડેરીને "મિલ્ક હોલીડે" જાહેર કરવો પડે છે, જેનો અર્થ એ થાય છે કે તે દિવસ માટે ડેરી પશુપાલકો પાસેથી દૂધ ખરીદી શકતી નથી. એક મિલ્ક હોલીડે જાહેર કરાય તો 30 કરોડ રૂપિયાનું નુકસાન થાય છે અને 10 મિલ્ક હોલીડેમાં 300 કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. પરંતુ મિલ્ક હોલીડે જાહેર ન કરતા વધતા ઉત્પાદનને તેના આયોજનનો ભાગ બનાવીને 610 કરોડના ખર્ચે બનાસ ડેરીએ સણાદર ડેરી પ્લાન્ટનું નિર્માણ કર્યું છે.

દૂધ ઉત્પાદન અને પશુપાલકોની આવકમાં વધારો થાય એ પરંપરા ચાલુ રહે તે અભિગમ સાથે બનાસ ડેરીએ દિયોદર તાલુકાના સણાદર ખાતે ડેરી પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. 30 લાખ લીટરની ક્ષમતા ધરાવતો આ નવનિર્મિત ડેરી પ્લાન્ટ ભવિષ્યમાં 50 લાખ લિટરની દૈનિક ક્ષમતા સુધી વિકસાવી શકાય છે. 151 વિઘા જમીન પર પથરાયેલ આ ડેરી પ્લાન્ટનું કામ લૉકડાઉનની પડકારો વચ્ચે પણ ચાલુ રહ્યું હતું અને 18 મહિનાની ટૂંકી અવધિમાં નિર્માણ કાર્ય પૂર્ણ થયું હતું.

આ નવો પ્લાન્ટ શરૂ થવાથી પરિવહન ખર્ચમાં 13 કરોડ 78 લાખનો વાર્ષિક બચાવ થશે. નિકાસને ધ્યાનમાં રાખીને આ સંપૂર્ણ ઓટોમેટીક ડેરી પ્લાન્ટને આંતરરાષ્ટ્રીય સ્તરના ઉત્પાદન માટે નવીનતમ મશીનરીથી સજ્જ કરવામાં આવ્યો છે.

નવનિર્મિત ડેરી પ્લાન્ટમાં અત્યાર સુધીનું સૌથી વિશાળ 2.5 લાખ લીટરની ક્ષમતા ધરાવતો મિલ્ક સાયલો, 60 હજાર લીટરની ક્ષમતા ધરાવતો સૌથી મોટો મિલ્ક પાશ્ચરાઇઝર અને વિશ્વના ઇતિહાસમાં સૌથી મોટી વેલ્ફ બેટરીનું ઇન્સ્ટોલેશન થયું છે. એટલું જ નહીં, ઊંચા એનર્જી સેવિંગ અને વૉટર રીસાયકલિંગ માટે જરૂરી ટેકનોલોજી પણ અહીં લગાવવામાં આવી છે.

એફએસએસએઆઇ અને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ટેન્કરના અંદર અને બાહ્ય ભાગની વૉશિંગ સુવિધા પણ ઉપલબ્ધ છે. બટર પ્રોસેસિંગ અને પેકેજિંગ માટે દૈનિક 80 ટન ક્ષમતા, આઇસ્ક્રીમ પ્રોસેસિંગ અને પેકેજિંગ માટે દૈનિક 1 લાખ લીટર ક્ષમતા અને ખોવા પ્રોસેસિંગ અને પેકેજિંગ માટે દૈનિક 20 ટન ક્ષમતા છે.

આ માત્ર આંકડા નથી, આ એ વિશ્વાસ છે કે વધતા દૂધ ઉત્પાદન સાથે બનાસના પશુપાલકોની આવક પણ સતત વધતી રહેશે, તેઓ સમૃદ્ધ અને આત્મનિર્ભર બનશે. બનાસ ડેરી ફક્ત દૂધનો વ્યવહાર નથી કરતી – તે વિશ્વાસથી સંપૂર્ણ વિકાસનો સંબંધ બાંધે છે. બનાસ ડેરી પશુપાલકોના વિશ્વાસ, તેમનું સમર્પણ અને મહેનતનું સન્માન કરે છે. આજ, બનાસ ડેરી ભારત જ નહીં પણ દુનિયાભરમાં પોતાની ઓળખ બનાવી ચૂકી છે. તેનું દૂધ, ઘી અને અન્ય પ્રોડક્ટ્સ દેશના દરેક ખૂણામાં પહોંચી રહ્યા છે.

# બનાસ ડેરીએ 48,389 બોરી દાણના વેચાણ સાથે પુરું પાડ્યું ટીમવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ



## પાલનપુર, જાન્યુઆરી 2025

બનાસ ડેરીએ તેની દ્રઢ પ્રતિબદ્ધતા, કાર્યક્ષમતા અને અનન્ય ટીમવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ડેરીએ ડિસેમ્બર 2024 માસમાં તેના નક્કી કરેલા ટાર્ગેટ્સને પાર કરીને ડેરી ઉદ્યોગમાં એક નવા માઇલસ્ટોનની સિદ્ધિ મેળવી છે. બનાસ ડેરીએ કુલ 1,01,600 મેટ્રિક ટન BIS Type II બનાસ દાણનું ઉત્પાદન કરીને એક રેકોર્ડ નોંધાવ્યો છે, જે પશુધન માટે અત્યંત પોષણયુક્ત છે. જો અન્ય પોષણ સપ્લીમેન્ટ પણ ગણીએ, તો ડેરીનું કુલ ઉત્પાદન 1,04,550 મેટ્રિક ટન સુધી પહોંચ્યું છે. આ સિદ્ધિ તેમના શ્રેષ્ઠ આયોજન અને નિષ્ઠાવાન ટીમના સતત પ્રયાસોનું પરિણામ છે.

## ઉત્પાદનના ક્ષેત્રે સર્વોચ્ચ સિદ્ધિ

બનાસ ડેરીના અલગ-અલગ ઉત્પાદન યુનિટ્સે આ સિદ્ધિમાં પોતાનો મહત્તમ ફાળો આપ્યો છે:

### પાલનપુર પ્લાન્ટ

સરેરાશ 905.3 મેટ્રિક ટન પ્રતિ દિવસ (MTPD) ઉત્પાદન હાંસલ કરીને ઉદ્યોગ માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું.

### કાતરવા પ્લાન્ટ

સરેરાશ 2371 મેટ્રિક ટન પ્રતિ દિવસનું ઉત્પાદન કર્યું છે, જે તેની કાર્યક્ષમતા અને ઉચ્ચ ગુણવત્તાના પ્રદર્શન માટે પ્રેરણારૂપ છે.



## પશુપાલકો માટે પોષણયુક્ત દાણનું વિતરણ

બનાસ ડેરીએ માત્ર ઉત્પાદનમાં સફળતા મેળવી નથી, પરંતુ પશુપાલકોના હિત માટે 48,389 બોરી દાણનું વેચાણ કર્યું છે. આ સિદ્ધિ તેના તમામ પશુપાલકોના જીવનમાનને સુધારવામાં એક મજબૂત પગલું છે. દાણનું ગુણવત્તાવાળું ઉત્પાદન અને વિતરણ ડેરીની પ્રતિબદ્ધતા અને સંગઠનના શ્રેષ્ઠ સંકલનને દર્શાવે છે.

## સફળતા પાછળનું નેતૃત્વ અને સમર્પણ

આ સિદ્ધિમાં ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું દ્રઢ નેતૃત્વ અને દીર્ઘદ્રષ્ટિ મુખ્ય છે. તેમની આગેવાની હેઠળ બનાસ ડેરીએ નક્કી કરેલા દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે. ડેરીએ હંમેશા દૂધ ઉત્પાદક ખેડૂતોના હિત માટે અવિરત પ્રયત્ન કર્યા છે અને પશુઓના આરોગ્ય અને પોષણ માટે સતત નવી પહેલ કરી છે.

## મહત્વના અવલોકન અને આભાર

બનાસ ડેરીના ચેરમેન તથા મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ, તમામ કર્મચારીઓએ તેમના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો દ્વારા આ મહત્ત્વપૂર્ણ યશ હાંસલ કર્યું છે. ડેરી આ સિદ્ધિને દરેક કર્મચારીના પ્રયત્નો અને સમર્પણને સમર્પિત કરે છે. આ સિદ્ધિ તેમના સંગઠનના શ્રેષ્ઠ ટીમવર્ક અને દ્રઢ નિર્ધારને ઉજાગર કરે છે.

## ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતા

આ સફળતા સાથે, બનાસ ડેરી હવે ભવિષ્યમાં વધુ ઊંચા લક્ષ્યાંકોને પાર કરવા માટે તૈયાર છે. ડેરી માને છે કે આ સિદ્ધિઓ માત્ર શરૂઆત છે. ડેરીના દરેક કર્મચારીના સમર્પણ અને નેતૃત્વ સાથે, બનાસ ડેરી ભવિષ્યમાં નવા માઇલસ્ટોન્સ સર કરવા અને પશુપાલકોના જીવનમાં સુધાર લાવવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.




આ સિદ્ધિ સમગ્ર ટીમની કાર્યક્ષમતા અને મહેનતનું પરિણામ છે. પશુપાલકોના હિતમાં મજબૂત પગલાં ભરવામાં બનાસ ડેરી હંમેશા આગેવાન રહી છે. અમારી ટીમ અને પશુપાલકોના સહકાર માટે હૃદયપૂર્વક આભાર. બનાસ ડેરીના સતત પ્રયાસો અને નવિનતમ યોજનાઓ સાથે, આગામી વર્ષોમાં વધુ સારી સિદ્ધિઓની આશા છે

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ, ભારત દેશ ગુલામીના અંધકારમય યુગમાંથી આઝાદ થયો, પરંતુ આઝાદીના પહેલાં વર્ષોમાં દેશની પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. વિશેષ કરીને ગામડાઓના લોકો ગરીબીની અંધારી ખાઈમાં જીવી રહ્યા હતા. આઝાદી પછી, દેશને સ્વાવલંબી બનાવવા ગામડાઓને સશક્ત કરવા ગરીબ લોકોને માન અને વિવેકભેર જીવન જીવવા માટે પ્રયાસ કરવા અગ્રણી નેતાઓ અને નાગરિકોએ મહત્વની ભૂમિકા ભજવી. ગુજરાતના સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગરીબ ખેડૂતો અને પશુપાલકો માટે આશાનું એક આકાશ સર્જ્યું હતું સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલે, જેમને સૌ પ્રેમથી 'ગલબાકાકા' કહેતા. ગલબાકાકાએ સમાજસેવા અને સમર્પણથી શ્વેતક્રાંતિનો પ્રારંભ કર્યો, જે ન માત્ર બનાસકાંઠા જિલ્લાને પ્રગતિના માર્ગે લાવવામાં સફળ થયું, પરંતુ અનેક ગરીબ પરિવારોના જીવનમાં સુખદ પરિવર્તન લાવ્યું.

## ગલબાકાકાનું વિઝન
## સૌ માટે આર્થિક સ્વાવલંબન

ગલબાકાકાનું જીવન એક માત્ર કાર્ય માટે સમર્પિત હતું. તેઓ એવું સપનું જોઈને જીવતા હતા કે, “મારા જિલ્લાના છેવાડાના ગામમાં રહેતી કોઈ વિધવા બહેન દાતરડાના હાથા પર સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા વિકસાવવા છે”. આ વિઝન સાથે તેમણે દૂધ ઉત્પાદક ખેડૂતો માટે સહકારી પ્રણાલીનો અમલ કર્યો, જે આજે બનાસ ડેરીના રૂપમાં જાણીતી છે.

## બનાસ ડેરીની સ્થાપનાનો ઈતિહાસ

બનાસ ડેરીની શરૂઆત માત્ર આઠ દૂધ મંડળીઓ સાથે 3 ઓક્ટોબર, ૧૯૬૬ના રોજ મહેસાણાની દૂધ સાગર ડેરીમાં દૂધ પૂરવઠા સાથે થઈ હતી. ટૂંક સમયમાં, ગલબાકાકાના પ્રયાસો અને દ્રષ્ટિએ ૩૧ જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ની સ્થાપના થઈ.

“

# રણમાં શ્વેતક્રાંતિના નાયક સ્વ. ગલબાકાકાની પુણ્યતિથિ નિમિત્તે હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ

”



## બનાસ ડેરીનો વૈશ્વિક પ્રભાવ

ગલબાકાકાના વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને અનુષ્ઠાનની સફળતા આજે સૌ સામે છે. બનાસ ડેરીએ શરુઆતમાં દિવસના થોડા લીટર દૂધ એકત્રિત કરવાનું શરૂ કર્યું હતું, તે આજે એશિયાની સૌથી મોટી ડેરી તરીકે પ્રતિદિન સરેરાશ એક કરોડ લીટર દૂધ સંકલન કરે છે.

## ગલબાકાકાની જીવનપ્રેરણા

ગલબાકાકાનું જીવન એ એક ઉદાહરણ છે કે શિક્ષાની ઓછી તકો હોવા છતાં જીવનનો અનુભવ કેવી રીતે મજબૂત આધારશીલા બની શકે છે. તેઓએ માત્ર કાગળ પર અભ્યાસ કરવાથી વધુ અનુભવના માધ્યમથી પ્રગતિના દરવાજા ખોલ્યા. જીવન ઘડતર માટે તેમનો સંદેશ છે કે ડિગ્રી કરતાં કૌશલ્ય અને સેવા વધુ મૂલ્યવાન છે.

## સમગ્ર સમાજ માટે એક પ્રેરણારૂપ પુરુષ

સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલનું જીવન અને કાર્ય સહકારી ઇતિહાસમાં અમર છે. આરંભ અને આદર્શ સાથે તેમણે જે બીજ રોપ્યું હતું, તે આજે એક વિશાળ વૃક્ષ બની ગામડાઓની જીવાદોરી બની ગયું છે. તેમની જીવનકથા આજના યુવાનોને પણ સમજાવે છે કે સાદગી અને સેવા સાથે જીવનમાં કંઈક વિશિષ્ટ કરી શકાય છે. તેમના જીવનનો સંદેશ છે કે "સહકાર અને સમર્પણથી કંઈપણ સંભવ છે.”







# બનાસકાંઠાનાં ખેડૂતો બન્યા સ્વીટ રિવોલ્યુશનનાં વાહક

મધ પ્રોજેક્ટ ગામડાના વિકાસમાં અને ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવાનો એક મજબૂત સ્તંભ સાબિત થયો છે. ૨૦૧૬ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસકાંઠાની મુલાકાત લીધી હતી અને મહેનતુ ખેડૂતોને શ્વેત ક્રાંતિ સાથે મધ ઉત્પાદન દ્વારા 'સ્વીટ રિવોલ્યુશન'ના વાહક બનવા આહ્વાન કર્યું હતું. આ આહ્વાનને પડકાર તરીકે સ્વીકારીને, ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ્ય સાથે, બનાસ ડેરીએ મધ પ્રોજેક્ટ શરૂ કર્યો, જે અંતર્ગત મોટી સંખ્યામાં ખેડૂતોને મધની ખેતી માટે તાલીમ આપવામાં આવી અને મધની ખેતી માટે નાણાકીય અને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી.

આજે કેન્દ્ર સરકારના આર્થિક સહયોગથી બનાસ ડેરીએ સરહદી જિલ્લામાં મધના પરીક્ષણ માટે આધુનિક લેબોરેટરીની સ્થાપના કરી છે. નેશનલ બી બોર્ડ અને એન.ડી.ડી.બી દ્વારા બનાસ ડેરી ને અતિ આધુનિક ઓટોમેટિક પ્લાન્ટ ૪૦૦ કિલો/કલાક કેપેસીટી વાળો પ્લાન્ટ શરૂ થઇ ગયેલ છે, જેના થકી મધના પ્રોસેસિંગ કેપેસીટીમા વધારો થવાથી અને સમયસર મધ સંપાદન કરી બીકીપરને વધુમાં વધુ વળતર આપી રહ્યાં છીએ.



ચાલુ વર્ષે, ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લી, ગાંધીનગર દ્વારા રચાયેલ સ્વ-સહાય જૂથની મહિલાઓ કે જે કૃષિ અને પશુપાલન સાથે જોડાયેલ છે અને તેઓને મધમાખી પાલન વ્યવસાયમાં જોડાવવા માટે જીએલપીસી દ્વારા બનાસડેરી સાથે મીટીંગ કરેલ અને તેઓની સાથે થયેલ ચર્ચા મુજબ પ્રાથમિક તબક્કે થરાદ તાલુકાની-૩૧, દાંતા તાલુકાની-૪૧ અને અમીરગઢ તાલુકાની-૪૦ આમ કુલ ૧૧૨ જેટલી મહિલાઓ કે જે મધમાખી પાલનમાં રસ ધરાવતી હતી, તેમની પસંદગી કરી સદર મહિલાઓને બનાસડેરી દ્વારા ખાદી ગ્રામોધોગ આયોગ ના સહયોગથી પાંચ દિવસીય તાલીમ થરાદ, અમીરગઢ અને અંબાજી મુકામે આપવામાં આવેલ બનાસડેરી દ્વારા તાલીમ પામેલ મહિલાઓને રાજ્ય પ્લાન એચ..આર..ટી-૨ યોજનાઅંતર્ગત" મિશન મધમાખી" કાર્યક્રમ હેઠળ સમાવેશ કરીને દરેક તાલીમાર્થીને ૧૦ બોક્ષ ૭૫% સબસીડીમાં એટલેકે ૨૫% લાભાર્થી ફાળાથી વિતરણ કરવામાં આવશે તેમજ ૧૦ મહિલા લાભાર્થીને ગ્રુપમાં આપવામાં આવતા અન્ય સાધનો જેવાકે . હની એક્ષટ્રેક્ટર, એક્ષટ્રેક્ટર નેટ બીવેલ, હેન્ડ ગ્લોઝ, બી-બ્રશ, વગેરે આપવામાં આવશે. સદર બોક્ષમાંથી ઉત્પાદિત થતું ગુણવતા યુક્ત મધ બનાસડેરી દ્વારા પ્રવર્તમાન દરે ખરીદ કરવામાં આવશે, આમ મહિલા સશક્તિકરણ માટે બનાસ ડેરીએ આગવી પહેલ કરેલ છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરીમાં જોડાઈને અલગ અલગ પ્રકારના ફૂલો આધારિત મધનું ઉત્પાદન કરીને સ્વીટ રિવોલ્યુશનમાં અનોખી સફળતા મેળવી છે. જેમાં જિલ્લામાં કુલ ૬૩૨.૩૭૬ મેટ્રીક ટન મધનું ઉત્પાદન થયું હતું અને ખેડૂતોને રૂ.૧૦૧૩.૮૩ લાખની ચુકવણી કરવામાં આવી હતી. મધના ઉત્પાદનની સાથે, ક્રોસ પોલિનેશનથી ખેતીની ઉપજમાં વધારો થયો છે, જે વધારાનો નફો છે. મધ ઉત્પાદન સહભાગિતાએ ખેડૂતને આવકનો વધારાનો સ્ત્રોત પૂરો પાડ્યો છે. જેના કારણે જિલ્લાભરના નાના ખેડૂતોને વધુ લાભ મળી રહ્યો છે. આજે બનાસ ડેરીના ખેડૂતો ખેતરમાંથી પાક લઈને, પશુપાલન દ્વારા દૂધનું ઉત્પાદન કરીને અને બનાસ મધ પ્રોજેક્ટમાં જોડાઈને આત્મનિર્ભર બની રહ્યા છે. આ "સ્વીટ રિવોલ્યુશન" દ્વારા કિસાનોએ અર્થતંત્રને નવી દિશા આપી છે.



# બનાસ ડેરીએ પશુધનને જીવલેણ રોગથી રક્ષણ પૂરું પાડવા ગામે ગામ થાઈલેરીયોસીસ રસીકરણ અભિયાન શરૂ કર્યું



બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોના ઉત્થાન અંગેની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આપણા જિલ્લામાં જે એચ.એફ.ગાયોને થાઈલેરીયોસીસનો રોગ થાય છે તે પૈકીની ૫૦ થી ૭૦% મૂલ્યવાન એચ.એફ.ગાયો મૃત્યુ પામે છે, જેના કારણે જે તે પશુપાલકોને ઘણું જ આર્થિક નુકશાન ભોગવવું પડતું હોય છે.આ રોગ એચ.એફ.ગાયોમાં ઇતરડી દ્વારા ફેલાતો અતિ જીવલેણ રોગ છે. પશુધનને આ રોગથી બચાવવા માટે બનાસ ડેરીએ ગામે ગામ તા.૨૫.૧૨.૨૦૨૪ થી ૧૫.૦૧.૨૦૨૫ સુધી થાઈલેરીયોસીસ રસીકરણ અભિયાન ચલાવ્યું હતું, જે દરમિયાન વેટનરી વિભાગના તબીબો દ્વારા પશુધનમાં રસીકરણ કરવામાં આવ્યું હતું.



## થાઈલેરીયોસીસ રોગથી પશુઓને થતી આડઅસર

- પશુને અતિશય તાવ અને લસિકાગ્રંથિનો સોજો આવે છે, લોહીનું પાણી થઇ જાય છે,તથા પશુ ખાવાનું બંધ અથવા ઓછું કરી નાખે છે.
- પશુની તંદુરસ્તી પણ કાયમી ધોરણે બગડે છે તેમજ આ રોગને લીધે પશુઓના દૂધની ઉત્પાદનક્ષમતા પણ ઘટી જાય છે.
- ગાભણ પશુ તરોવાઈ જવાની શકયતા રહે છે તથા દૂધ ઉત્પાદન ઘણુ જ ઓછું થઈ જાય છે.
- રોગ મટી ગયા પછી પશુને ગાભણ થવામાં પણ તકલીફ રહે છે.
- આ રોગમાં અત્યંત મોઘી સારવાર કરવા છતાં તેમાં મરણની સંભાવના ૫૦ થી ૭૦ % જેટલી રહે છે.

એચ.એફ.ગાયો ધરાવતી મંડળીઓના બીજદાન કર્મચારીએ સ્થળ પર જઈને રસીકરણની કામગીરી કરવામાં આવી હતી. આ રોગનું રસીકરણ આપણા બૃહદ જિલ્લાના બીજદાન કર્મચારીઓ મારફત કરાવવામાં આવ્યું હતું. જેના ખુબ સારા પરિણામો મળેલ છે .આ રસીકરણ દર વર્ષે કરવાનું થતું હોય છે.

# બનાસ કાશી સંકુલ ખાતે બનાસ ડેરીનાં નિયામક મંડળે ત્રિરંગો લહેરાવી દેશપ્રેમ વ્યક્ત કર્યો




ઉત્તર પ્રદેશના વિકાસમાં સતત યોગદાન આપતા વારાણસી પ્લાન્ટ ખાતે ૭૬મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ અવસરે બનાસ ડેરીના નિયામક મંડળના માનનીય સભ્યશ્રીઓએ ત્રિરંગો લહેરાવીને દેશપ્રેમ અને લોકશાહિના મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક દર્શાવ્યું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના મજબૂત નેતૃત્વ હેઠળ બનાસ ડેરી નવી ઊંચાઈઓ સર કરી રહી છે. બનારસના પ્લાન્ટની સફળતા અને શ્વેત ક્રાંતિ માટેનું આ યોગદાન રાષ્ટ્રીય સ્તરે ડેરી ક્ષેત્રે એક મજબૂત માઇલ સ્ટોન સાબિત થઈ રહ્યો છે.



પ્રજાસત્તાક પર્વના આ વિશિષ્ટ પ્રસંગે લહેરાતા ત્રિરંગાનું સુંદર દ્રશ્ય સમગ્ર ભારત માટે ગૌરવપૂર્ણ હતું. આ ઉજવણી માત્ર રાષ્ટ્રપ્રેમનું પ્રતિક નથી, પણ એ દરેક ભારતીયને લોકશાહી અને દેશની એકતાના મૂળભૂત મૂલ્યોની યાદ અપાવે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી માત્ર શ્વેત ક્રાંતિની આગળ વધતી યાત્રા જ નહીં, પણ એ દેશના સૌમ્ય વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતી સંસ્થા તરીકે પોતાનું સ્થાન બાંધી રહી છે.

**જય હિંદ! જય ભારત!**



# બનાસ ડેરીના પટાંગણમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બનાસ ડેરીના પટાંગણમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ધ્વજ વંદનનો સન્માનિત કાર્યક્રમ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીના વરદ હસ્તે સંપન્ન થયો હતો. તેમણે સૌ બનાસવાસીઓને અને ડેરીના કર્મચારીઓને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને સહકારથી સમૃદ્ધિ અને વિશ્વાસથી વિકાસના માર્ગે અગ્રેસર રહેવાની પ્રેરણા આપી હતી.

મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓ, બંધારણ ઘડવૈયાઓ અને દેશની સુરક્ષા માટે પોતાનું જીવન અર્પણ કરનારા વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. પ્રાસંગિક ભાષણમાં તેમણે તિરંગાને ભારતના સ્વાતંત્ર્ય, લોકશાહી અને પ્રજાસત્તાકના મૂલ્યોનું પ્રતિક ગણાવીને તેના પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી ઊજાગર કરી હતી.









**તેમણે ખાસ ભાર મૂકીને જણાવ્યું હતું કે ત્રિરંગો માત્ર એક ધ્વજ નહીં પરંતુ દરેક નાગરિકની આશા અને આકાંક્ષા, દેશના સર્વાંગી વિકાસ માટેનો માર્ગદર્શક છે. આ સાથે તેમણે આહ્વાન કર્યું હતું કે મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના સપનાઓ સાકાર કરવા માટે પશુપાલકો, ખેડૂતો અને યુવાનોને સંયુક્તપણે આગળ વધવું જોઈએ.**

**બનાસ ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓની વિશિષ્ટ હાજરીમાં યોજાયેલા આ પ્રજાસત્તાક પર્વે દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાની મજબુત ભાવના વ્યક્ત કરી હતી.**

**જય હિંદ! જય ભારત!**

# ‘માટી બચાવો’ ના સંદેશ સાથે સાયકલ યાત્રા કરી ૨૩ વર્ષીય મોહિત નિરંજનએ બનાસ ડેરીની મુલાકાત કરી




ઉત્તર પ્રદેશના લલિતપુરના 23 વર્ષીય ખેડૂત પુત્ર મોહિત નિરંજન સમગ્ર ભારતભરમાં સદગુરુ પ્રેરિત 'માટી બચાવો' અભિયાનના સંદેશ સાથે સાયકલ ચલાવી રહ્યા છે. તેમણે 16 નવેમ્બર 2022ના રોજ લલિતપુરથી આ અભિયાનની શરૂઆત કરી હતી. મહાશિવરાત્રીના પ્રસંગે, તેમણે ઈશા યોગ કેન્દ્રમાં સદગુરુની હાજરીમાં તેમની આ અનોખી પહેલ અંગે જણાવ્યું હતું, જ્યાં સદગુરુએ મોહિતના અભિયાનની વિશેષ પ્રશંસા કરી હતી.

મોહિતે આ યાત્રા દરમિયાન કન્યાકુમારી, રામેશ્વરમ, ઉત્તરપૂર્વ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન જેવા અનેક રાજ્યોની યાત્રા કરી છે. 23મી જાન્યુઆરીના રોજ તેઓ ઉદયપુરથી ગુજરાતના પાલનપુરમાં આવી પહોચ્યા હતા. અત્યાર સુધી તેઓ 16,700 કિમીનું અંતર કાપી ચૂક્યા છે અને તેમનું લક્ષ્ય 30,000 કિમી પૂર્ણ કરવાનો છે.



## થરાદમાં માટી પરીક્ષણ અને બનાસ ડેરીની મુલાકાત

ગુજરાતમાં, મોહિતે થરાદની માટી પરીક્ષણ પ્રયોગશાળાની મુલાકાત લીધી હતી અને બનાસ ડેરીના એમડી સંગ્રામ આર. ચૌધરી સાથે મીઠી વાતચીત કરી. મોહિતે બનાસ ડેરીના પ્રોજેક્ટ્સ અને માટીના સ્વાસ્થ્યને સુધારવા માટેની પહેલનો અભ્યાસ કર્યો. અહીં તેમણે માટીના સ્વાસ્થ્યમાં સુધારા લાવવા માટે બનાસ ડેરી અને ‘માટી બચાવો’ પહેલ સાથે જોડાયેલા ખેડૂતો સાથે પણ ચર્ચા કરી હતી.

## “માટી બચાવો” અભિયાનની દિશામાં બનાસ ડેરી સક્રિય

ધરતી ઉપજાઉ અને ફળદ્રુપ હશે તો જ ખેતી પોષણક્ષમ રહેશે. ઈશા ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતા સેવ સોઇલ (માટી બચાવો) અભિયાનના ભાગરૂપે પૂજ્ય શ્રી સદગુરુ જગદીશ વાસુદેવે ૧૦૦ દેશોના પ્રવાસ કરીને માટી બચાવો અંગે જાગૃતિ લાવવા બનાસકાંઠાના આંગણે પધાર્યા હતા અને માનનીય ચેરમેન શ્રી શંકરભાઈને ગુજરાતના સેવ સોઇલ અભિયાનના એમ્બેસેડર તરીકે જવાબદારી સોપી. બનાસકાંઠાની જમીનના કાર્બન કન્ટેન્ટ વધારવા માટે ઈશા ફાઉન્ડેશન અને બનાસ ડેરી સાથે મળી લાંબાગાળાનું આયોજન કરી રહ્યાં છે. જેના નક્કર પરિણામો ભવિષ્યમાં મળશે એવી ખાતરી છે.

બનાસકાંઠા જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો બનાવવાનો અને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો બનાસવાસીઓએ સંકલ્પ કર્યો છે. આ પહેલનો હેતુ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવી અને રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવાનો છે. આ અભિયાન હેઠળ, માટી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આજના સમયમાં, બનાસ ડેરીની ટીમ ૪૦ ગામોમાં જમીનની ફળદ્રુપતા અને કાર્બનના પ્રમાણને વધારવા માટે સતત કાર્ય કરી રહી છે. આ પ્રયાસ દ્વારા, પ્રદેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે અને ધરતી સ્વચ્છ અને સ્વસ્થ રહે તે માટેનાં પગલાં લેવામાં આવશે.

## વૈશ્વિક સંદેશ માટે વિદેશ યાત્રા

ભારતના 30,000 કિમીના લક્ષ્યને પૂર્ણ કર્યા બાદ મોહિત વિદેશમાં ‘માટી બચાવો’ અને ‘કોન્સિયસ પ્લેનેટ’ના સંદેશને ફેલાવવા માટે આગળ વધશે. મોહિત નિરંજનની આ યાત્રા માત્ર એક વ્યક્તિગત પ્રયત્ન નથી, પરંતુ પ્રકૃતિના જતન માટેના સંકલ્પનું અનોખું પ્રેરક ઉદાહરણ છે, જે સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે.

આ પ્રેરક યાત્રા દરમિયાન મોહિત મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, અને કોઈમ્બતૂર સ્થિત ઈશા યોગ કેન્દ્ર સુધીના વિસ્તારોને આવરી લેશે. આ ઉપરાંત, તેઓ રસ્તામાં અનેક લોકો, રાજકારણીઓ, અધિકારીઓ, શાળાઓ, કોલેજો અને ક્લબોમાં જઇને ‘માટી બચાવો’ અને ‘કોન્સિયસ પ્લેનેટ’ના સંદેશ ફેલાવશે.

